

(તસવીર : નટુભાઈ પટેલ)

## લીંબોડી વીણી પરિવારનું ગુજરાન કરતી મહિલાઓ

આખા વર્ષનો આધાર ચોમાસાની ઋતુ પર રહેતો હોય છે. જો ચોમાસુ સારૂ જાય તો આખુ વર્ષ સારૂ જાય. ત્યારે આ વર્ષે મેઘરાજાએ એક જ દિવસ માટે મહેમાનગતિ કરી અને ત્યારબાદ રીસાઈ જતા ખેતી ઉપર જીવન નિર્વાહ કરતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. પોતાના પરિવારનું ગુજરાન કરવા માટે કાઈક તો કરવું જ પડે ને ? ત્યારે ચિલોડા અને આજુબાજુના ગામડાની મહિલાઓ સુકી લીંબોડી વીણી રહી છે. એક કીલોએ રૂ. ૪૦થી ૫૦ રૂપિયાનો ભાવ મળી રહે છે. બે થી ત્રણ કીલો લીંબોડી વીણી પોતાના પરિવારનું પોષણ કરી રહી છે.

# 'ડિઝીટલ ઈન્ડીયા'ના યુગમાં જરી પુરાણી પીટીસી પ્રવેશ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ-વાલીઓમાં રોષ

### સેક્ટર-૧૯માં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં ગુજરાતના ખૂણે ખૂણેથી વિદ્યાર્થીઓ ઉમટ્યા : માત્ર ડોક્યુમેટ્સની ખરાઈ કરવા વિદ્યાર્થીઓ-વાલીઓને ફરજીયાત ઉપસ્થિત રાખવા બાબતે રોષ : નિશ્ચિત બેઠકો સામે આશરે ૫૦ ટકા જેટલા જ ફોર્મ ભરાયાં છે : વિદ્યાર્થી-વાલીઓ માટે પીવાના પાણી સુદ્ધાની વ્યવસ્થા નથી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સે. ૧૯માં આજથી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ખાતે પીટીસી કોલેજોની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતભરમાંથી આવેલા હજારો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અહીં માત્ર તેમના ડોક્યુમેન્ટસની ખરાઈ કરાવવાની વર્ષો જુની ખખડધજ પ્રક્રીયાનો ભોગ બની બિન જરૂરી રીતે હેરાન થઈ રહ્યાં છે. રાજ્યની ૧૪૨ કોલેજની ૧૦ હજારથી પણ વધુ બેઠકો સામે માત્ર આશરે ૬ હજાર જેટલા ફોર્મ ભરાયાં છે ત્યારે દરેક વિદ્યાર્થીને પ્રવેશ અને ઈચ્છિત કોલેજ આપવાની જ છે તો 'ડીઝીટલ ઈન્ડીયા'ના યુગમાં તેમને ફરજીયાત રૂબરૂ બોલાવવાની અને બિનજરૂરી ત્રાસજનક પ્રવેશ પ્રક્રિયામાંથી પસાર કરવાની પદ્ધતિ સામે અનેક સવાલો ઉપસ્થિત થઈ રહ્યાં છે.

ગુજરાતના કોઈ પણ ખૂણે વિદ્યાર્થી રહેતો હોય પરંતુ પીટીસીમાં એડમીશન માટે ગાંધીનગર ખાતે તા. ૧૩મી જુલાઈથી તા. ૧૬મી જુલાઈ દરમ્યાન ઉપસ્થિત થવુ ફરજિયાત છે. પછી ભલે તે વિદ્યાર્થી બિમાર હોય કે હોસ્પિટલાઈઝ્ડ હોય અથવા વાપી રહેતો હોય કે કચ્છના ગામડામાં રહેતો હોય. જો તે માત્ર આ ચાર દિવસ દરમ્યાન જો અહીં ઉપસ્થિત ના રહી શકે તો તેને પીટીસીમાં પ્રવેશ મળશે નહી. પછી ભલે ૫૦ ટકા બેઠકો ખાલી રહી જાય. સ્વાભાવિક રીતે જ દૂરના ગામેથી આવનાર વિદ્યાર્થી એકલો તો ના જ આવી શકે સાથે તેના વાલીને પણ નોકરી-ધંધામાં રજા પાડી ફરજીયાત આવવુ જ પડે. અહીં આવીને તેમણે કરવાનું શું ? સવારે વહેલા આવી બુટચંપલ બહાર ઉતારી લાઈનમાં ઉભા રહી જવાનું, પોતાનો નંબર આવે એટલે અંદર દર વખતે નક્કી કરાયેલા ચોક્કસ કોલેજના નિયત અધ્યાપકોનું ટીમ સમક્ષ ઉપસ્થિત થઈ તમામ ડોક્યુમેન્ટસ રજુ કરવાના. અધ્યાપકોની ટીમ આ ડોક્યુમેન્ટસની ખરાઈ કરે એટલે પોતાની પસંદગીની કોલેજ જણાવવાની બસ. ના કોઈ મૌખિક ઈન્ટરવ્યુ લેવાય કે ના અન્ય કોઈ પ્રક્રિયા થાય. ફક્ત આટલી પ્રક્રિયા માટે દરેક વિદ્યાર્થી તેમજ તેની વાલીઓને દૂર-સૂદૂરથી મુસાફરી કરીને ગાંધીનગર સુધી આવવાનું અને લંચ બ્રેક પણ ના હોય તેવી ૧૯૯૨થી ચાલી આવતી જરીપુરાણી વ્યવસ્થાનો ભોગ બનવાનું. લંચબ્રેક તો ઠીક પણ પીવાના પાણીની પણ અહીં કોઈ જ વ્યવસ્થા નથી. દેખાવ પુરતા ચાર નળ લગાડેલા છે પણ તેમાંથી પાણી નથી આવતુ.

પીટીસીમાં પ્રવેશ પ્રક્રિયાના કોલ લેટર સાથે જરૂરી ડોક્યુમેન્ટસની પ્રમાણિત નકલો પહેલેથી મંગાવી લેવાય છે અને જો ડોક્યુન્ટસની ખરાઈ કોલેજના અધ્યાપકો જ કરવાના હોય તો જે તે કોલેજમાં જ શા માટે ના કરાય ? માત્ર આટલી પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓ-વાલીઓને માત્ર એક સ્થળે એકઠા કરવાની જરૂરિયાત સામે પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. વળી, જ્યાં વડાપ્રધાન રૂપિયા એક લાખ કરોડથી વધુના ખર્ચે 'ડીઝીટલ ઈન્ડીયા'ના સપના જોઈ રહ્યાં છે અને તે અંતર્ગત 'ઈ-લોકર' જેવી સુવિધાનો પ્રારંભ કરી ચુક્યા છે ત્યારે ડોક્યુમેન્ટસની ખરાઈ માટે માત્ર ચાર દિવસનો ગાળો આપી હજારો બાળકોને તેમના વાલીઓ સાથે હેરાન કરવાનો કોઈ જ તર્ક સમજાતો નથી. ગરમી-ઉકળાટની આ સીઝનમાં વાલીઓ-વિદ્યાર્થીઓ ખાધા-પીધા વગર અને પીવાના પાણીની સુવિધાના અભાવે પરેશાન થતાં ભારે રોષની લાગણી પ્રદર્શિત કરી રહ્યાં છે. આગામી સમયમાં આ પદ્ધતિમાં સત્વરે ફેરફાર કરી જે તે કોલેજ પર જ ડોક્યુમેન્ટસની ખરાઈ થઈ જાય તેમજ શક્ય હોય તેટલી પ્રક્રિયા 'ઓનલાઈન' પુરી કરાય તેવી માંગ પ્રબળ બનવા પામી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૧૩માંથી પાંચ જુગારીયા ઝડપાયા

### સરકારી રહેણાંક મકાનમાં પાનાપત્તાનો જુગાર રમી રહ્યા હતા : પોલીસે સાડા ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો : તમામ જુગારીયા જેલ હવાલે

ગાંધીનગર, તા.૧૩

શહેરના સે-૧૩માં આવેલા એક રહેણાંક મકાનમાંથી પોલીસે દરોડો પાડી પાના પત્તાનો જુગાર રમતા પાંચ જુગારીયાઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે દરોડા સ્થળેથી રૂ. સાડા ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ જુગારીયાઓને જેલ હવાલે કરી દીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે-૧૨માં આવેલા સરકારી રહેણાંક મકાન નં. ૨૯૦/૧માં કેટલાક ઈસમો બિન્દાસપણે પાના પત્તાનો જુગાર ખેલી રહ્યા હોવાની બાતમી સે-૭ પોલીસને મળી હતી. પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી જુગારની બાજી માંડીને બેઠેલા પાંચ શખ્સોને જુગાર સાહિત્ય અને રોકડ મળી કુલ રૂ. ૩,૭૬,૬૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે કાર-બે ટુ વ્હીલર અને ૪ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા આ અંગે સે-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. એમ.પી. ચૌહાણ તપાસ ચલાવી રહ્યા છે.

#### ઝડપાયેલા જુગારીયાઓ

ભવાનજી કાનાજી પરમાર (રહે. સે-૧૩, બ્લોક નં. ૨૯૦/૧, ચ ટાઈપ ગાંધીનગર), ખોડાભાઈ ભાઈચંદભાઈ ચૌહાણ (પ્લોટ નં. ૫૩૩/૧, સે-૧૩, ગાંધીનગર), ગોપાલકૃષ્ણ રાધવક્રિષ્નન (રહે. સ્વાગત-૪-સી/૧૦૩, સરગાસણ), મહેશ બળદેવદાસ દરજી (રહે. સે-૨૪ સહયોગ સોસાયટી મકાન નં. ૨૫, ગાંધીનગર), વિનોદ સોમાભાઈ મહેરીયા(રહે. પ્લોટ નં. ૧૦૧૩/૨, સે-૧૩-સી, ગાંધીનગર)

## ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન પદે જૈમિન પટેલની વરણી

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામની ધી ચિલોડા સેવા સહકારી



મંડળી ખાતે જયંતિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. આ બેઠકમાં યુવા અગ્રણી જૈમિનકુમાર જગદીશભાઈ પટેલ ૯ વિરૂદ્ધ ૪ મતે વિજયી બનતા ચેરમેનપદે વરણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જૈમિન પટેલના પિતા સ્વ. જગદીશભાઈ બાબુભાઈ પટેલે સદર મંડળીમાં સતત પંદર વર્ષ સુધી ચેરમેનપદે ઉમદા સેવા બજાવી હતી. જૈમિન પટેલ ચેરમેનપદે વરણી થવા બદલ અભિનંદનને પાત્ર બન્યા હતા.

# પરિવર્તન પેનલે તમામ મતદારોનો આભાર માન્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નાગરિક બેન્કની તાજેતરમાં યોજાયેલી બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીમાં બેન્કના તમામ સભાસદ મિત્રો, વેપારી મિત્રો, ગાંધીનગરના સમગ્ર નાગરિકો, કર્મચારી મિત્રો, ગાંધીનગરના આજુબાજુના વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના આગેવાનો, ગ્રામજનો અમારી પરિવર્તન પેનલ તરફેણમાં પ્રચાર-પ્રસાર કામ કરીને અમોને જંગી બહુમતીથી જીતાડવા બદલ પરિવર્તનના તમામ ઉમેદવારો જાહેર આભાર માનીએ છીએ.

ગાંધીનગર નાગરિક બેન્કની ચૂંટણીમાં બોર્ડ ઓફ ડિરેકટર્સમાં પરિવર્તન પેનલને વિજયી બનાવવા બદલ આભાર માન્યો છે. આગામી વર્ષોમાં બેન્કનો વહિવટ, વિકાસ, પ્રગતિ, પરિવર્તન સાથે કરવા કટીબધ્ધ છીએ. બેન્કના રોજિંદા કામકાજમાં સરળ વહીવટ માટે આપના સૂચન અને બેન્કના કામકાજમાં આપના જનહિતમાં કોઈ ફરિયાદનું નિવારણ કરવા માટે અમો સતત પ્રયત્નશીલ રહીશું તેમ જણાવ્યું છે.

આગામી વર્ષમાં બેન્કને વધુ હાઈટેક અને ટેકનોલોજી સાથે કદમ મિલાવીને બેન્કના હિતમાં અમો કામ કરવાની ખાત્રી આપીએ છીએ.

## ઘ-૭ સર્કલ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના ઘ-૭ પ્રેસ સર્કલ પાસે પાર્ક કરેલ બાઈકની કોઈ ચોર ઈસમો ધોળા દિવસે ઉઠાંતરી કરી ગયા હતા. જે અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના કલોલ તાલુકાના પલીયડ ગામનો ધર્મેશ અંબાલાલ પ્રજાપતિ આજે બપોરે પોતાના કામ અર્થે સે-૧૮ ઘ-૭ પ્રેસ સર્કલ પાસે પોતાનું બાઈક નં. જીજે-૧૮-એકે ૭૪૫૦ લઈને આવતો હતો અને બાઈક પાસે જ પાર્ક કરી આસપાસમાં ગયો હતો. દરમિયાન ધોળે દિવસે કોઈ ચોર ઈસમ બાઈકની ઊઠાંતરી કરી પલાયન થઈ ગયો હતો. આ મામલે સે-૨૧ પોલીસે ગુનો નોંધી બાઈક ચોરની શોધખોળ હાથ ધરી છે.

# કરાઈ સાયફનમાં ન્હાવા પડેલા બે મિત્રો ડુબ્યા

### અધિક માસની અગિયારસે મોટી સંખ્યામાં અમદાવાદીઓ ન્હાવા સાયફનમાં પડ્યા હતા : એક મિત્ર બીજા મિત્રને બચાવા ગયો ને બન્ને મોતનો કોળીયો બની ગયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક કરાઈ ગામે આવેલ નર્મદા સાઈફનમાં રવિવારે રજાની મજા માણવા ન્હાવા પડેલા અમદાવાદના બે યુવાન ધસમસતા પાણીના પ્રવાહમાં ખેંચાઈ જતા મોતનો કોળીયો બની ગયા હતા. કલાકોની લાંબી શોધખોળ બાદ આજે બીજા દિવસે આ બન્ને યુવાનોમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર નજીક કરાઈ ગામ પાસે નર્મદા કેનાલનો ધોધ સાબરમતી નદીને મળે છે. અહી વાર તહેવારે મોટી સંખ્યામાં શહેરીજનો ન્હાવા માટે આવે છે. ગત રોજ અધિક માસની અગિયારસના દિને અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો નદીના પાણીમાં ન્હાવા પડ્યા હતા. ત્યારે અમદાવાદના બે યુવાનો આકાશ જનારદન પીસ્કા પદમશાળી (ઉ.વ.૨૦) રહે. હરદાસનગરની ચાલી બાપુનગર અમદાવાદ અને તેનો મિત્ર અમીત અશોકભાઈ ગુપ્તા (ઉ.વ.૧૭) રહે. ૧૨૪૩ જેસલપાર્ક સોસાયટી ઓઢવ અમદાવાદ આ પાણીમાં ન્હાવા પડ્યા હતા. પાણીનો પ્રવાહ ભયાનક બનતા આકાશ પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ રહ્યો હતો ત્યારે તેના મિત્ર અમીતે તેને બચાવવા આગળ વધ્યો હતો અને બન્ને મિત્રો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ ગટનાસ્થળે દોડી આવી હતી અને શોધખોળ હાથ ધરી પરંતુ બન્ને યુવાનોના મૃતદેહ હાથ લાગ્યા ન હતા. બન્ને યુવાનોના આજે ૨૪ કલાક બાદ ફાયરબ્રિગેડે મૃતદેહ બહાર નિકાળ્યા હતા અને ગાંધીનગર સિવિલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ. એચ. સોલંકી તપાસ ચલાવી રહ્યા છે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે કવેસ્ટ સેન્ટરનો પ્રારંભ

બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે વિશેષ જાગૃતિ લાવવા અને બાળકોના સર્વાંગી વિકાસ માટે અસરકારક પગલાં લેવાના ભાગરૂપે લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પ્રેરણા વિદ્યાલય, સે-૫ ખાતે કવેસ્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. લાયન્સ કવેસ્ટ ડિરેકટર શ્રીમતી સૌદામિનીબેન પટેલની ઉપસ્થિતિમાં આ કવેસ્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કવેસ્ટ સેન્ટરના માધ્યમ દ્વારા બાળકો એ વાલીઓને ઉપયોગી પુસ્તકો અને માર્ગદર્શન આપવામાં આવે છે. તેમના દ્વારા બાળ ઉછેરમાં ધ્યાન રાખવા જેવી બાબતોની વિશેષ સમજણ તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરુરી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. પ્રાર્થના અને દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન જોષી, સેક્રેટરી દક્ષાબેન જાદવ, એરિયા ચેરમેન ઉષાબેન ગજ્જર પણ ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ કાર્યક્રમ યોજવા બદલ લાયોનેસ કલબનો આભાર વ્યકત કર્યો હતો.

## ચુંદડીનો મનોરથ

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પવિત્ર પુરુષોત્તમમાસ નિમિત્તે આજે મંગળવારે ચુંદડીનો મનોરથ યોજાશે.

# પવિત્ર અગિયારસે ગાંધીનગરના પાંચ હજાર શ્રધ્ધાળુઓએ નર્મદામાં ડૂબકી લગાવી

### ગાંધીનગરથી નારેશ્વર નર્મદા કિનારે ૧૦૦થી વધુ લકઝરી બસો ઉપડી : નર્મદામાં આઠ ડુબવાના સમાચારથી સ્વજનો ચિંતાતુર બન્યા હતા

ગાંધીનગર, તા.૧૩

શાસ્ત્રમાં અધિક માસનું મહત્વ ખૂબ જ રહેલું છે. અધિક મહિનાની અગિયારસનું વિશેષ મહત્વ ગણવામાં આવે છે. ત્યારે ગાંધીનગરમાંથી ગઈ કાલે અગિયારસે પાંચ હજારથી વધુ નગરજનો નારેશ્વર નર્મદા કિનારે દર્શનાર્થે પુણ્ય મેળવવા પહોંચ્યા હતા.

ગુજરાતમાં નર્મદા કિનારે આવેલ પૂજય રંગધૂત મહારાજનું નારેશ્વર ધામનું ખુબ જ મહત્વ છે. વાર તહેવારે તેમજ શ્રાવણ અને અધિક મહિનામાં અહીંયા શ્રધ્ધાળુઓના ઘોડાપુર ઉમટે છે.

ગઈ કાલે પવિત્ર અધિક મહિનાની અગિયારસે ગાંધીનગરમાંથી પાંચ હજારથી વધુ ભાવિ ભકતો નારેશ્વર નર્મદા કિનારે પુણ્ય મેળવવા ઉમટયા હતા.

નર્મદા નદીમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે તેમજ પૂજય રંગધૂત મહારાજના આશ્રમનું પણ વિશેષ મહત્વ છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી ૧૦૦થી વધુ લકઝરી બસોએ ગઈ કાલે નારેશ્વરનો રૂટ પકડયો હતો. નગરના વડીલો મોટી સંખ્યામાં ડુબકી લગાવવા જોડયા હતા. નર્મદા નદીમાં આઠના ડૂબવાના સમાચાર મળતા પ્રવાસમાં ગયેલા લોકોના સ્વજનો ચિંતાતુર બન્યા હતા.

# સે-૨૮ આરાધના વિદ્યાવિહાર ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર શહેરના સે-૨૮ આરાધના વિદ્યાવિહાર શાળા ખાતે યેરા લિગલ વોલન્ટર્સ અને શાળાના તથા ફાલ્ગુનભાઈ પટેલ તથા શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં બાળકોને લગતા કાયદો માહિતી પુરી પાડી હતી. ત્યારબાદ બીજા તબક્કામાં બાળકોને સ્વરક્ષણ સાથે એસિડ એટેકના બનાવો સામે



સંયુકત ઉપક્રમે કાનુની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મુખ્ય અતિથિ વિશેષ પદે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શિક્ષકશ્રી મહેન્દ્રભાઈ પટેલ, ધવલભાઈ પટેલ અંગે જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળના પ્રતિનિધિઓ ગાયત્રીબેન ઉપાધ્યાય, સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, સીતારામ પટેલ દ્વારા બાળકોના અધિકારો, પોસ્કો જુવેનાઈલ જસ્ટીસ વગેરે વિષયો પર માર્ગદર્શન અને રક્ષણાત્મક ઉપાયો અને કાનૂની સલાહ સૂચનો અંગે વકતા તરીકે વિમળાબેન-જીગીષાબેન ઉપાધ્યાય જયરામભાઈ સોની, સુધિર દેસાઈ તથા નવટરભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩

સૂર્યાસ્ત : ૭.૩૧

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૪ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૫ ટકા

### મનોરંજન

#### સિટીપલ્સ

**સ્કીન-૨ :**

બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦

આઈ લવ એન.વાય : ૬.૩૦

**સ્કીન-૩ :**

બાહુબલી : ૧૨.૩૦

આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

**સ્કીન-૪ :**

આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫

ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫

ગુડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫

જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

**સ્કીન-૫ :**

દિલ દે કે દેખો : ૧૦.૦૦

તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦

એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦

બાહુબલી : ૬.૪૫

#### સિનેમેક્સ

**સ્કીન-૧ :**

૩ડી મીનીયન (અંગ્રેજી) :૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦

એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦

જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫

ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

**સ્કીન-૨ :**

બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્કીન-૩ :**

બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫

પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

**સ્કીન-૪ :**

જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫

આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦

એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦

હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

### આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનુંસમાધાન મળી શકેછે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. વિમળાબેન અમરતભાઈ પંડ્યા (ઉ.વ.૯૦) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. આશાબેન દિલીપભાઈ ગોહેલ (ઉ.વ૫૧) એમ-૫/૫૯, પારિજાત એપાર્ટમેન્ટ, સે-૧૩, ગાંધીનગર
- સ્વ. પટેલ દવજીભાઈ બેચરદાસ (ઉ.વ.૬૧) ગામ-રીદ્રોહ, તા. માણસા, જી. ગાંધીનગર